(તસવીર : કશ્યપ નિમાવત)

નગરપાલિકા તરફથી શહેરમાં ગંદકી નાબુદ કરવાની જોરશોરથી વાતો થઈ રહી છે. પરંતુ શહેરમાં બાંધવામાં આવેલા જાહેર શૌચાલયોને ખુલ્લા મુકવામાં કયું મુહૂર્ત જોવડાવવાનું છે હજુ સુધી નક્કી થઈ શકતુ નથી. ઘણાં સમયથી બંધ હાલતમાં છે ત્યારે આ શહેર શૌચાલયો બનાવવાનો ખર્ચ કેમ કર્યો તેવો વિચાર અવશ્ય આવે જ.

ચાલુ ફરજે અવસાન પામનાર શિક્ષકોના પરિવારજનોને સહાય ચેક આપવામાં આવ્યા

જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષકોના તેજસ્વી બાળકોને ચાંદીની મુદ્રા આપી સન્માનિત કર્યા હતા. તેમજ અસાધ્ય બિમારીથી પિડીત અને અવસાન પામેલ શિક્ષકોના પરિવારજનોને સહાય આપવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. સેકટર-૧૨માં આવેલ શિક્ષકભવનમાં શિક્ષક સંઘના મહામંત્રી બળદેવભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડ, ડાયેટ આચાર્ય ડૉ. ટી.એસ. જોષી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં તાજેતરમાં લેવાયેલ ધોરણ-૧૦, ૧૨ માં શ્રેષ્ઠ પરિણામ મેળવાનાર વિદ્યાર્થીઓને ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ નંબરને ૨૫ ગ્રામ, બીજા નંબરને ૨૦ ગ્રામ અને ત્રીજો નંબર મેળવનારને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રા આપવામાં આવી હતી.

સાથે-સાથે અસાધ્ય બિમારીથી પિડાતા અને અવસાન પામેલ શિક્ષકોને ૫ હજાર અને ૧૦ હજારના સહાય ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અસાધ્ય બિમારીથી પિડીત પાંચ શિક્ષકોને ૫ હજારના ચેક હિનાબેન પટેલના હસ્તે આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેને શિક્ષક સંઘની કામગીરીને બિરદાવી હતી અને સંગઠનને શુભેચ્છા પાઠવી હતી. અસાધ્ય બિમારીથી પિડાતા શિક્ષકોને પ્રભુ શક્તિ આપે તેમ જણાવ્યું હતું.

ચંદુલાલ જોષીએ કહ્યું હતું કે, ગાંધીનગર જિલ્લા સંગઠન રાજ્યમાં પ્રથમ નંબરનું સંગઠન બની રહેશે. અને રાજ્યના અન્ય જિલ્લાને પ્રેરણારૂપ બનશે. આ પ્રસંગે એન.એમ. રાઠોડનું મોમેન્ટો આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

રાંધેજા ખેતીવાડી બજાર સમિતિમાં પ્રગતિ પેનલનો વિજય

ગાંધીનગર, તા. ૧૩

તાલુકાના રાંધેજામાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીમાં પ્રગતિ પેનલે સતત ત્રીજી વખત વિજય મેળવ્યો છે. ચૂંટણીમાં ૪૨૩ સભ્યોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું.

રાંધેજામાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી ગત ૧૧મીના રોજ રાંધેજા ખાતે યોજાઈ હતી. ચૂંટણીમાં પરિવર્તન પેનલ અને પ્રગતિ પેનલ વચ્ચે સીધો જ જંગ ખેલાયો હતો.

આ ચૂંટણીમાં જિલ્લાની ૪૫ મંડળીના ૪૩૯ સભ્યો છે. જેમાંથી ૪૨૩ સભ્યોએ ચૂંટણી ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. જેમાં ચૂંટણી શરૂઆતથી જ રસાકસી ભરી રહી હતી. જેમાં પ્રગતિ પેનલના ઉમેદવારો વિજયી થયા હતા.

જેમાં ખેડૂત પ્રતિનિધિ તરીકે દશેલાના અમૃતભાઈ હેમતાભાઈ ચૌધરી, નવાપુરાના લાલસિંહ બબાજી ઠાકોર, ચિલોડા મોટાના કેશાભાઈ સોમાભાઈ પટેલ, રૂપાલના નીતિનભાઈ સોમાભાઈ પટેલ, પોરના રમણભાઈ બાબુભાઈ પટેલ, રાંધેજાના રસિકલાલ મણીલાલ પટેલ, અડાલજના સુરેશભાઈ વિનુભાઈ પટેલ, ધણપના મનુજી ફતાજી રાણા વિજયી થયા હતા.

વેપારી પ્રતિનિધિ તરીકે ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ, વિનોદભાઈ બળદેવભાઈ પટેલ, સુરેશભાઈ મંગળદાસ શાહ અને દિનેશકુમાર કાન્તીલાલ શાહ જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા. જિલ્લા પ્રતિનિધિ તરીકે લાલભાઈ ગોવિંદભાઈ પટેલ, એ.ડી.સી. બેંક કોદરભાઈ રણછોડભાઈ પટેલ જાખોરા બિનહરિફ વિજયી થયા હતા.

ઉલ્લેખનીય છે કે પ્રગતિ પેનલે સતત ત્રીજી વખત ખેતીવાડી સમિતિમાં વિજયી બનવા પામ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

વરસાદ વરસીને થંભી ગયો. જેનાં કારણે ઓછું વત્તું નુકશાન શહેરમાં થઈ ગયાને સમય થયો પણ હજુ તંત્રની બેદરકારી ઘણી બધી જગ્યાએ છતી થઈ જાય છે. સેકટર-૨૬ રેલવે ક્રોસિંગ પાસે આ હોર્ડીંગ્સ અત્યંત જોખમી હાલતમાં છે. એ તરફ કોઈનું ધ્યાન સુધ્ધાં જતું નથી તે નવાઈની વાત કહેવાય...!

ધારાસભ્યોએ સૂચવેલા રસ્તાના કામો ટુંકમાં હાથ ધરવા આયોજન

અગ્રતાક્રમ નક્કી કરી રસ્તાના કામો હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૩

જિલ્લામાં તબક્કાવાર માર્ગ નવીનીકરણના કામો હાથ ધરવામાં આવે છે. શહેરના રોડનેટવર્ક પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. જ્યારે હવે જિલ્લાની વિવિધ બેઠકો પરથી ચૂંટાયેલા ધારાસભ્યોના કામો હેઠળ વિવિધ માર્ગોની સુધારણા હાથ ધરાશે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ધારાસભ્યો દ્વારા સૂચવાયેલા કામોની યાદી પણ તૈયાર કરવામાં આવી છે.

શહેરના રોડનેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ થાય છે. અગાઉ માર્ગ નવીનીકરણ માટે રૂ. ૩૬ કરોડના કામોને મંજુરી આપવામાં આવી હતી. જ્યારે બીજા તબક્કામાં પણ ૨૫ કરોડના વિવિધ ૭ કામો અન્વયે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે. હાલ વરસાદી દિવસોના લીધે માર્ગ નવીનીકરણની કામગીરી બંધ છે જ્યારે આગામી મહીનામાં રસ્તાઓનું કામ પુનઃ શરૂ કરી દેવાશે. શહેર ઉપરાંત જિલ્લાને જોડતા વિવિધ માર્ગો તેમજ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓની કાર્યયોજના સંદર્ભે પણ પાટનગર યોજના વિભાગ દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. જ્યારે હાલ ધારાસભ્યોના કામો હેઠળ પણ રસ્તાઓ સંબંધિત કામગીરી સૂચવવામાં આવી છે. જેમાં ધારાસભ્ય કક્ષાએથી પોતાના વિસ્તારના રસ્તાના કામો સૂચવવામાં આવ્યા છે. આ કામગીરી પાછળ પણ અંદાજિત રૂ. ૬ કરોડનો ખર્ચ થાય તેવો અંદાજ છે. આગામી દિવસોમાં અગ્રતાક્રમે કામ મંજૂર થયા બાદ માર્ગ નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા ધારાસભ્ય કક્ષાએથી સૂચવાયેલા કામોની દરખાસ્ત પણ તૈયાર કરવામાં આવી રહી છે.

આજે સે-૧૩માં વૈદિક શાંતિ યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

થિયોસોફિકલ સોસાયટી ગાંધીનગર શાખાના ઉપક્રમે વૈદિક શાંતિ યજ્ઞ અને વૈશ્વિક પ્રાર્થના સભા યોજવામાં આવશે. આજ રોજ સવારે ૧૧.૧૧ કલાકે પ્લોટ નં. ૫૭૫/૧, સેકટર-૧૩-એ ખાતે વાનપ્રસ્થ રામજીતજી યાદવના શ્રી મુખે પ્રાર્થનાસભા અને યજ્ઞ યોજાશે.

ચક્ષુદાન લેવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧૩

સરગાસણ સ્થિત મૂળજીભાઈ સોમાભાઈ પરમારનું અવસાન થતા તેમના પરિવારના દેવેન્દ્ર પરમારની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન જુસિકા દ્વારા લેવામાં આવ્યું છે. જુસિકાના ડૉ. ચિત્તાણીયા, ડ્રાઈવર સની વાઘેલાએ સેવાઓ આપી હતી.

સ્વાસ્થ્ય રક્ષામૃત પેય આયુર્વેદ ઉકાળાનો લાભ લેવા અંગે

ગાંધીનગર, તા. ૧૩

શરદઋતુ એ રોગોની માતા છે. આ ઋતુમાં રોગો થવા સહજ છે. આથી તેનાથી બચવા માટે આપણા ઋષિઓએ સમગ્ર માનવજાતની ચિંતા કરીને વિશેષ આહાર-વિહાર, પથ્ય પાલનની સાથે સાથે રોગ પ્રતિકારક શક્તિ વધે અને આ ઋતુ જન્ય રોગ ન થાય તે માટે સૂચિત કરેલ વિવિધ ઔષધિયુક્ત 'સ્વાસ્થ્ય રક્ષામૃત પેય' - 'આયુર્વેદ ઉકાળા' સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે તા. ૧૧-૯-૨૦૧૪ થી ૨૦-૯-૨૦૧૪ સુધી સોમવારથી શનિવાર સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન મફત પીવડાવવામાં આવે છે. તો જાહેર જનતાને લાભ લેવા વિનંતી. તેમજ જૂના સચિવાલય કેન્ટીન ખાતે પણ તા. ૧૫-૯-૨૦૧૪ થી ૨૦-૯-૨૦૧૪ સુધી સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ દરમ્યાન પીવડાવવામાં આવનાર છે.

સે-૩-ન્યુ નવરાત્રિ સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૩-ન્યુ નવરાત્રી મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવશે. દરરોજ નવી-નવી મ્યુઝિકલ પાર્ટી દ્વારા રાસ ગરબા યોજવામાં આવશે. સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે સંજય પટેલ, સંગઠન મંત્રી તરીકે વિરચંદભાઈ પરમાર, દશરથભાઈ વ્યાસ, સહમંત્રી તરીકે પંકજ સોની, અનિલભાઈ રાવલ, કમલેશભાઈ શ્રીમાળી, હેમંત ત્રિવેદી, ઉપપ્રમુખ તરીકે રાજુભાઈ પટેલ, સી.એન. ડામોર, બાબુભાઈ પટેલ, રાજુભાઈ શર્મા, ખજાનચી તરીકે ભાસ્કરભાઈ બાલપાંડે અને ચાર ગ્રૂપમાં કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી છે.

સે-૩-ડી નવરાત્રિ સમિતિના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૩-ડી નવરાત્રિ સમિતિ દ્વારા ચાલુ વર્ષે ધામધૂમપૂર્વક નવરાત્રિનું પર્વ મનાવવામાં આવનાર છે ત્યારે નવરાત્રિ સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ગૌતમ પટેલ, કાર્યકારી પ્રમુખ તરીકે નંદુભાઈ પ્રજાપતિ, એ.ડી. પટેલ, મંત્રી તરીકે મહેન્દ્રભાઈ પ્રવાસી, ખજાનચી તરીકે પોપટલાલ પ્રજાપતિ, આંતરિક ઓડીટર તરીકે યોગેશ શાહ અને કાર્યવાહક સમિતિમાં સભ્યોની વરણી કરવામાં આવી છે.

ચેખલારાણી ગામના તળાવમાં ડુબી જવાથી યુવાનનું મૃત્યુ

ગાંધીનગર ફાયરબ્રિગેડે શોધખોળ કરીને મૃતદેહ બહાર કાઢ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામનું પરૂ ચેખલારાણી ગામના તળાવમાં ગઈકાલે એક યુવાન ડુબી ગયો હતો. ચોવીસ કલાકથી તેની શોધખોળ ચાલી રહી હતી. દરમ્યાન ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા કાફલો તળાવે પહોંચી ગયો હતો અને શોધખોળ કરીને મૃતદેહ બહાર કાઢ્યો હતો. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

દોલારાણા વાસણા ગામના પરા વિસ્તાર તરીકે ઓળખાતા નાનકડા ગામ એવા ચેખલારાણીના તળાવમાં ગઈકાલે એક યુવાન ડુબી ગયો હતો. યુવાન અકસ્માતે પાણીમાં ગરકાવ થઈ ગયો કે આપઘાત કર્યો તે બાબત સ્પષ્ટ થઈ નથી. આ ઘટના બાદ ૨૪ કલાક સુધી તળાવના પાણીમાં યુવાનની શોધખોળ ચાલી પરંતુ સગડ મળ્યા ન હતા. દરમ્યાન આજે ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમી સાંજે તળાવમાંથી યુવાનનો મૃતદેહ બહાર નિકાળ્યો હતો. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લા નાગર પરિવાર દ્વારા તારીખ ૯ સપ્ટેમ્બર ભાદરવા સુદ પૂનમના દિવસે મુક્તિધામ ગાંધીનગર ખાતે સંતશ્રી નરસિંહ મહેતાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

રાજ્ય સરકારના અધિકારી નિલેશ શુકલ 'ઈન્દ્રપ્રસ્થ મીડિયા રતન એવોર્ડ'થી સન્માનિત

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સરકારમાં છેલ્લા ૨૨ વર્ષથી ફરજ બજાવતા નાયબ માહિતી નિયામકશ્રી નિલેશ શુકલને તેમની પબ્લિક રિલેશનની ઉત્કૃષ્ટ કામગીરી બદલ 'ઈન્દ્રપ્રસ્થ મીડિયા રતન એવોર્ડ-૨૦૧૪'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી શુકલને આ એવોર્ડ પ્રતિષ્ઠિત ભોજપુરી કલાકાર અને ભારતીય જનતા પાર્ટીના સંસદ સભ્યશ્રી મનોજ તિવારીના હસ્તે આપવામાં આવ્યો હતો.

એડિશનલ સોલીસીટર જનરલ પિન્કી આનંદ અને વિવિધ રાષ્ટ્રિય અખબારો અને ન્યુઝ ચેનલના સંપાદકો અને પત્રકારોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ એવોર્ડ સમારંભમાં શ્રી શુકલને શિલ્ડ, સન્માન પત્ર અને શાલ ઓઢાડી સન્માનવામાં આવ્યા હતા શ્રી શુકલના વિવિધ વિષયોને લગતા લેખો અને રાજ્ય સરકારની પ્રજા લક્ષી યોજનાને ઉજાગર કરતી કોલમો દિલ્હી ખાતેના વિવિધ અખબારો અને મેગેઝીનોમાં નિયમિત રૂપે પ્રસિદ્ધ થાય છે.

મીડિયા સાથે સંકળાયેલ વરિષ્ઠ પત્રકારો અને ગુજરાત સરકારના અધિકારીઓએ આ એવોર્ડ મેળવવા બદલ નિલેશ શુકલને અભિનંદન પાઠવ્યા હતા.

વિશ્વનું સૌ પ્રથમ લંડનમાં ઈકો ફ્રેન્ડલી મંદિર સ્થાપી પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજનું અમદાવાદ ખાતે શુભાગમન

ગાંધીનગર, તા. ૧૨

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ વિશાળ સંતવૃંદ, હરિભક્તો સહ અમેરિકા-ઈંગ્લેન્ડમાં ૧૦૮ દિવસનો સત્સંગ પ્રચાર તેમજ અનેકવિધ લોકોદ્વાર - સમાજોદ્વારના કાર્યો કરી અમદાવાદ ખાતે પધારતા શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમેરિકા અને કેનેડા આ બંને રાષ્ટ્રોમાં ડેલાવર તેમજ ટોરેન્ટોમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરોની પ્રતિષ્ઠા કરી બીજા રાજ્યો જેવા કે ટેનેસીના કોલંબીયા, ઓહાયોના ક્લીવલેન્ડમાં પણ હરિમંદિરોની પ્રતિષ્ઠા કરી.

લંડન ખાતેના કિંગ્સબરી વિસ્તારમાં વિશ્વના સૌ પ્રથમ ઈકોફ્રેન્ડલી શ્રી સ્વામિનારાયણ મંદિરની પ્રતિષ્ઠા કરી જેમાં વિશિષ્ઠ

વ્યક્તિઓ, રાજનેતાઓ, ધર્માચાર્યો, સંતો વિગેરેની ઉપસ્થિતિ હતી. સમગ્ર વિશ્વના જીવો પર હંમેશા વાત્સલ્યભાવ દર્શાવતા એવા પૂ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજને ભારતના સુપ્રસિદ્ધ સાધુ સમાજના મઠાધિપતિઓએ તેઓના પ્રતિનિધિ તરીકે ડૉ. અખિલેશ આચાર્ય લંડનમાં તથા સાધુ સંતોએ વિશ્વવાત્સલ્ય મહાદધિ પદવીથી નવાજ્યા હતા.

અમેરિકા ખાતે પણ પૂ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજને ગાર્ડન સ્ટેટ, ન્યુજર્સીના અમેરિકન નાગરીકોએ પણ સન્માન્યા હતા. પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજનું 'સ્વામીબાબા સ્વામીશ્રી મ્યુઝીક બેન્ડ, મણિનગરે' પણ સ્વાગત કર્યું હતું.

ભાજપ મતદારોનો આભાર માને છે

અમદાવાદ, તા.૧૩

ભાજપ પ્રદેશ પ્રમુખ આરસી ફળદુએ આજરોજ યોજાયેલ ૯ વિધાનસભા અને વડોદરા લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં વિકાસના સમર્થનમાં અને શાંતિપૂર્ણ મતદાન કરવા બદલ આભાર માન્યો હતો.

તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજા હંમેશા સ્થિરતા, શાંતિ અને પ્રગતિ ઈચ્છે છે. આજના મતદાનમાં ગત વર્ષોની લોકશાહીના પર્વને ઉજવવાની ગુજરાતની પરંપરા જાળવી રાખતા સમગ્ર રાજ્યના દસે મતક્ષેત્રમાં શાંતિપૂર્ણ મતદાન થયું છે. રાજ્યની પ્રજાનો મત હંમેશા વિકાસની સાથે રહ્યો છે. જે આજના મતદાનમાં પણ પ્રતિપાદિત થયું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૪૩

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૮૧ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ફાઈન્ડીંગ ફેની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ક્રિએચર (૩ડી)(અંગ્રેજી) : ૧૨.૧૫, ૩.૦૦, ૭.૪૫
ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન-૪ :
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પાવર (તેલુગુ) : ૭.૦૦
મેરી કોર્મ : ૯.૪૫
: સ્ક્રીન-૫ :
ક્રિએચર (૨ડી) : ૧૦.૦૦
મેરી કોમ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :
ક્રિએચર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્ક્રીન-૩ :
મેરી કોમ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
ક્રિએચર (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૧૫, ૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫
સ્ક્રીન-૩ :
ફાઈન્ડીંગ ફેની : ૮.૪૫, ૧૦.૧૫, ૪.૩૦, ૯.૪૫
મેરી કોમ : ૧.૪૫, ૭.૦૦
સ્ક્રીન-૪ :
મેરી કોમ : ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૫
રાજા નટવરલાલ : ૧.૧૫
બે યાર (ગુજરાતી) : ૭.૦૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. બૈરાજબેન શિવાજી ડાભી (ઉ.વ.૭૦) મુ. ખોરજ ડાભી, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પૂંજીબેન બેચરભાઈ દરજી (ઉ.વ.૮૫) ૫૩૬, પીળો પટ્ટો, આદર્શનગર,સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. દશરથલાલ જયચંદદાસ સોની (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૧૫૮૪/૨, સેક્ટર-૨સી, ગાંધીનગર
- સ્વ. પુષ્પાબા દેવેન્દ્રસિંહ વાઘેલા (ઉ.વ.૪૭) ગામ - પીંડારડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કરમશીભાઈ હરજીભાઈ દેસાઈ (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૩૯૬, ગાયત્રીનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર
- સ્વ. પોપટજી મંગાજી જાદવ (ઉ.વ.૪૫) ગામ-ફીરોજપુર, તા.જી. ગાંધીનગર